# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ -03 તા.૦૬.૧૨.૨૦૧૭

--------------------

## ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીશ્રીઓ ૭ ડીસેમ્બરનો ચૂંટણી પ્રચાર કાર્યક્રમ

--------------------

પ્રદેશ મીડિયા સેલની યાદી જણાવે છે કે, ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીશ્રીઓ ૦૭ ડીસેમ્બરે ગુજરાત રાજ્યના વિવિધ વિધાનસભા ક્ષેત્રોમાં જાહેરસભાઓ સંબોધશે.

| ક્રમ | નેતાશ્રીનું નામ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી પરષોત્તમભાઇ રૂપાલા<br>કેન્દ્રીય મંત્રીશ્રી | સવારે ૧૦.૦૦ કલાકે | જાહેર સભા- બાબરા (લાઠી વિધાનસભા) |
| | | સવારે ૧૧.૩૦ કલાકે | જાહેર સભા- ડોડીયારા<br>(જસદણ વિધાનસભા) |
| | | બપોર. ૧.૧૫ કલાકે | જાહેર સભા- કેશોદ |
| | | ૩.૦૦ કલાકે | જાહેર સભા- લીલીયા |
| | | સાંજે ૪.૩૦ કલાકે | જાહેર સભા- કરજણ વિધાનસભા |
| | | સાંજે ૬.૧૫ કલાકે | જાહેર સભા- નાડા<br>(ડભોઇ વિધાનસભા) |
| | | રાત્રે ૮.૦૦ કલાકે | જાહેર સભા- વાઘોડીયા |
| ૨ | શ્રી પરેશભાઇ રાવલ<br>સાંસદશ્રી | સવારે ૧૦.૦૦ કલાકે | જાહેર સભા- વસો, (માતર વિધાનસભા) |
| | | બપોરે ૧૨.૪૫ કલાકે | જાહેર સભા - મોતીઝર<br>(કપડવંજ વિધાનસભા) |
| | | બપોરે ૩.૩૦ કલાકે | રોડ શો (તરસાડી, માંગરોળ વિધાનસભા) |
| ૩ | શ્રી યોગી આદિત્યનાથજી<br>માન. મુખ્યમંત્રીશ્રી ઉત્તરપ્રદેશ | સવારે ૦૭.૩૦ કલાકે | સોમનનાથ મહાદેવ મંદિરના દર્શન |
| | | સવારે ૧૦.૦૦ કલાકે | જાહેર સભા- રાજકોટ પૂર્વ વિધાનસભા |
| | | સવારે ૧૧.૧૫ કલાકે | જાહેર સભા - તળાજા |
| | | બપોરે ૧૨.૪૫ કલાકે | જાહેર સભા-પાલીતાણા |
| | | બપોરે ૦૨.૪૫ કલાકે | જાહેર સભા-ચુડા |
| | | સાંજે ૦૫.૩૦ કલાકે | જાહેર સભા – ઉમરેઠ |
| | | રાત્રે ૦૮.૦૦ કલાકે | જાહેર સભા – સયાજીગંજ |

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -૦૪ તા.૦૬.૧૨.૨૦૧૭

---------

૯ ડિસેમ્બરના પ્રથમ તબક્કાના ચૂંટણી પ્રચારના સમાપન પ્રસંગે સુરતમાં
૭ ડિસેમ્બરે "ઐતિહાસીક માનવ મહેરામણ" ઉમટશે.

--------

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ગુજરાત વિકાસ રેલી
૭ ડિસેમ્બરના રોજ સુરતમાં યોજાશે.

---------

પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો પર "કમળ" ને જીતાડવાં અપીલ અને આહ્વાન કરશે.

----------

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાતના ગૌરવ અને રાષ્ટ્રભક્ત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ૭ ડિસેમ્બરના રોજ વિકાસનાં પ્રતિક અને સુંદરતાના પ્રતિક એવા આર્થિક નગર સુરતમાં ગુજરાત વિકાસ રેલીને સંબોધન કરશે.

સુરત મહાનગરમાં નીલગીરી ગ્રાઉન્ડ, લીંબાયત ખાતે બપોરે ૦૧.૦૦ કલાકે યોજનારી ગુજરાત વિકાસ રેલી ૯ ડિસેમ્બરના રોજ પ્રથમ તબક્કાની ૮૯ બેઠકોની યોજાનારી ચૂંટણીના પ્રચાર અભિયાનની મહત્વપૂર્ણ રેલી હશે. પ્રથમ તબક્કાના પ્રચાર પડઘમ ૭ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે સંપન્ન થશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે સુરત ખાતે યોજાનારી ગુજરાત વિકાસ રેલીના સંદર્ભમાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં સુરત ખાતે યોજાનાર "ગુજરાત વિકાસ રેલી" માં "ઐતિહાસિક માનવ મહેરાણ" ઉમટશે અને ભાજપાના વિજયરથને આગળ ધપાવવાં સંકલ્પબધ્ધ થશે.

ડો. જગદીશ ભાવસારે ગુજરાતના ગૌરવ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની સુરતની ગુજરાત વિકાસ રેલીના સંદર્ભમાં અંતમાં જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો પર "કમળ" ને જીતાડવાં માટે પ્રધાનમંત્રીશ્રી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિકાસ પ્રેમી, રાષ્ટ્રવાદને વરેલા પ્રજાજનોને અપીલ અને આહ્વાન કરશે અને પોતાની પાર્ટી કે જેનું ગુજરાતની લાગણીશીલ પ્રજાએ લાલન પાલન કર્યું છે તેના ૧૫૦+ના લક્ષ્યાંકને પાર પાડવા માટે આશિર્વાદ આપવા જનતાને અનુરોધ કરશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -૦૫ તા.૦૬.૧૨.૨૦૧૭

---------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા

---------

ગુજરાતમાં શાંતિ-સુરક્ષા અને વિકાસ માટે પ્રાર્થના કરી

---------

૧૫૦+ ના લક્ષ્યાંકને પાર કરવાની જનતા-જનાર્દનને શક્તિ મળે, વિકાસની રાજનીતિ આગળ વધે તેવા આશીર્વાદ માંગ્યા. ગુજરાત રાષ્ટ્રમાં વધું ને વધું શક્તિશાળી બને તેવી, પ્રજાજનોને શક્તિ મળે તેવી કૃપા વરસાવવા દ્વારકાધીશના ચરણોમાં અર્ચના કરી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા.૦૬.૧૨.૨૦૧૭

-------

ભારતીય જનતા પાર્ટી અને ગુજરાતની પ્રજાના સંબંધનો નાતો અભિન્ન અને અતૂટ છે

--------

કોંગ્રેસના રાજમાં દરિયાકિનારા પર દાણચોરોનું રાજ હતું,
નગર-મહાનગરો ડોનના નામે ઓળખાતા હતા, ભાજપાએ દાણચોરો અને ગુંડાઓનું રાજ ખત્મ કરી શાંત ગુજરાત બનાવ્યું

--------

ભારતીય જનતા પક્ષનું નેતૃત્વ અને શાસન બેદાગ રહ્યું છે, પારદર્શક અને પ્રમાણીક વહીવટ આપ્યો છે, એક પળ એવું કામ નથી કર્યુ કે જેને કારણે કોઇ કાર્યકર્તાને તેનું મસ્તક શરમથી ઝુકાવવું પડે

---------

કોંગ્રેસના ચરિત્રમાં વિકાસ છે જ નહીં. તેમના ચરિત્રમાં કેવળ ભ્રષ્ટાચાર છે

--------

ભારતીય જનતા પાર્ટી મીડીયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આજરોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે સૌરાષ્ટ્રના દ્વારકા ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતુ કે, ભારતીય જનતા પક્ષ અને ગુજરાતની પ્રજાના સંબંધનો નાતો અભિન્ન અને અતૂટ છે. ૧૯૯૫થી દરેક ચૂંટણીમાં ગુજરાતની જનતા હંમેશા ભાજપાની સાથે જ રહી છે. ભારતીય જનતા પક્ષનું નેતૃત્વ અને શાસન બેદાગ રહ્યું છે, પારદર્શક અને પ્રમાણીક વહીવટ આપ્યો છે, એક પળ એવું કામ નથી કર્યુ કે જેને કારણે અમારા કોઇ કાર્યકર્તાનું મસ્તક શરમથી ઝુકાવવું પડે. રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે રાહુલ ગાંધી અને પરિવાર પર વાર કરતાં કહ્યું હતું કે, તમે ૬૦ વર્ષ શાસનમાં રહ્યાં છો અને સાડા ત્રણ વર્ષનો હિસાબ માંગી રહ્યાં છો ? આ હિસાબ તો ભારતની જનતાને તમારે આપવાનો હોય, સાડા ત્રણ વર્ષના ભાજપાના યશસ્વી શાસનમાં અમારા પર વિરોધીઓ એક પણ ભ્રષ્ટાચાર બાબતમાં આંગળી નથી ચીંધી શક્યાં. કોંગ્રેસના શાસનમાં દાયકાઓ સુધી પ્રજા વિજળીના વાંકે અંધારૂ વેઠતી અને અનેક સમસ્યાઓ સહન કરતી. શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી બન્યાં તે પહેલાં શું ૨૪ કલાક વિજળી મળતી હતી ? ભાજપા સરકારે ૧૯૦૦૦ ગામોમાં વિજળી પહોંચાડવાનું કામ કર્યું છે. ગુજરાતના દરિયા કિનારા પરનાં ગામોમાં કોંગ્રેસના સમયે દાણચોરોનું રાજ હતું. નગર અને મહાનગરો ડોનના નામે ઓળખાતાં હતાં, છાશવારે ગુન્હાહિત તત્વો અને તેની સાથે સાંઠગાંઠના કારણે છાશવારે હુલ્લડો અને કર્ફ્યુનો માહોલ રહેતો, ભાજપાની સરકાર આવતાં આ બધું જ સમાપ્ત થઇ ગયું.

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર વિસ્તાર દૂધ ઉત્પાદન આધારીત અર્થકારણને કોંગ્રેસે ખતમ કરવાનું કાર્ય કરેલ, તેમના શાસનમાં બધી ડેરીઓને બંધ કરવામાં આવી હતી. માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં આ ડેરીઓને ફરીથી ચાલુ કરવામાં આવી અને ગ્રામ્ય અર્થકારણમાં ખૂશહાલી લાવી સૌરાષ્ટ્ર માટે મહત્વાકાક્ષી “સૌની યોજના” ના કારણે ગામે ગામ પાણી પહોંચ્યું છે, અને ૧૦૦૦ કરોડના ખર્ચે દ્વારકાધીશના ચરણો

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



સુધી નર્મદાનાં નીર પહોંચ્યા છે. પુરા ભારત અને વિશ્વના યાત્રાળુ દ્વારકાધીશના દર્શનાર્થે આવે ત્યારે ગોમતીમાં અવશ્ય સ્નાન કરે છે. આ પવિત્ર ગોમતી નદી પર રૂ. ૭ કરોડના ખર્ચે સુદામા પુલ બનાવવાનું કામ પણ ભાજપાની સંવેદનશીલ સરકારે કર્યું છે.

શ્રી અમિતભાઇ શાહે તાજેતરમાં આવેલ ઉત્તરપ્રદેશ નગરનિગમના પરિણામ ઉપર છણાવટ કરી કોંગ્રેસ ઉપર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, હાલમાં જ થયેલ ઉત્તરપ્રદેશ મહનગરપાલિકાઓની ચૂંટણીમાં કોંગ્રેસનો ઘરઆંગણે જ કારમો પરાજય થયો છે, અને ભાજપાને પૂર્ણ જનમત મળ્યો છે, તેવા અમેઠીમાં બે જ મહિના પહેલાં ક્લેક્ટર ઓફીસનું ઉદઘાટન મારા હાથે કરવામાં આવ્યું, જ્યાં કોંગ્રેસ છેલ્લા ૭૦ વર્ષથી શાસન કરી રહી છે. ગુજરાતમાં સર્વ સ્પર્શી અને સર્વ વ્યાપી વિકાસ થયો છે, જે સૌ કોઇને દેખાઇ રહ્યો છે, પરંતુ રાહુલ ગાંધીને દેખાતો નથી, કારણ કે, તેમની આંખો પર ઇટાલીયન ચશ્મા છે.

શ્રી અમિતભાઇ શાહે અંતમાં જણાવ્યું હતું કે, સાડા ત્રણ વર્ષના માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં યુવાનો, આદિવાસીઓ અને ગરીબો માટે ૧૦૬ જેટલી યોજનાઓ બનાવવામાં આવી છે, અને તેના પર પરિણામ લક્ષી કામ કરવામાં આવેલ છે. વંશવાદ અને વારસદારોથી ચાલતી કોંગ્રેસના ચરિત્રમાં વિકાસ છે જ નહીં. તેમના ચરિત્રમાં કેવળ ભ્રષ્ટાચાર છે. ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૮ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ભારતીય જનતા પાર્ટીને જનતા જનાર્દન ૧૫૦+ કમળ આપી પુન: વિકાસની રાજનીતિ કરવાની તક આપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ